## અનું. જાતિ અને અનું. જનજાતિના વર્ગ માટે સરકારી નોકરીઓમાં આરક્ષણ અંગે

| ક્રમ | પ્રશ્નની વિગત | સંભવિત જવાબ |
|---|---|---|
| ૧ | ભારતના બંધારણમાં સરકારી નોકરીમાં ક્યા વર્ગોને આરક્ષણ આપવા અંગે શું જોગવાઇ છે. | બંધારણની કલમ ૩૩૫ અન્વયે અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ માટે<br>કલમ-૧૬(૪) અન્વયે રાજય સરકાર દ્વારા જાહેર કરેલા પછાત વર્ગો માટે |
| ૨ | રોસ્ટર શું છે. | રોસ્ટર એ અનામતા વર્ગો માટે અનામત રાખેલા નિયત હિસ્સો(ક્વોટા) અંગે જુદા જુદા અનામત વર્ગોના હક્ક નક્કી કરવાનો આધાર છે. |
| ૩. | જુદી જુદી જાતિ માટે ક્યારથી રોસટર પધ્ધતિ અમલમાં મૂકેલ છે. | અ.જા/અ.જ.જા. \| સીધી ભરતી \| વર્ગ ૧ અને ૨ \| ૧/૧/૭૨<br>અ.જા/અ.જ.જા. \| સીધી ભરતી \| વર્ગ ૩ અને ૪ \| ૨૦/૬/૭૩<br>અ.જા/અ.જ.જા. \| બઢતી \| વર્ગ ૧ થી ૪ \| ૧/૧/૭૬<br>સા.અને શૈ.પછાત \| સીધી ભરતી \| વર્ગ ૧ થી ૪ \| ૧/૪/૭૮<br>શારિ. ખોડખાંપણ \| સીધી ભરતી \| વર્ગ ૩ અને ૪ \| ૯/૧૧/૭૯ |
| ૪. | ક્યા કિસ્સામાં બઢતીથી નિમણુંકોમાં રોસ્ટર પધ્ધતિ લાગુ પડતી નથી | (૧) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો અને<br>(૨) શારિરીક ખોડખાંપણ ધરાવતા વ્યક્તિઓ |
| ૫. | કઇ જગ્યાઓને રોસ્ટર પધ્ધતિ લાગુ પડતી નથી. | અન્ય ખાતા વિભાગના કર્મચારીઓની બદલીથી અથવા પ્રતિનિયુક્તિથી સેવા મેળવીને ભરાતી જગ્યાઓને રોસ્ટર પધ્ધતિ લાગુ પડતી નથી. |
| ૬. | રોસ્ટર પધ્ધતિ કઇ કઇ સંસ્થાઓને લાગુ પડે છે. | તમામ સરકારી, પંચાયતો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ સહિત સરકારી અનુદાન મેળવતી તમામ બિન સરકારી સંસ્થાઓને લાગુ પડે છે. |
| ૭. | રોસ્ટર પધ્ધતિ દ્વારા નિમણુંક માટે લાયકાતના ધોરણોમાં છૂટછાટ છે ? | ના, જે તે જગ્યા માટે ઠરાવેલ લાયકાત મુજબની ઓછામાં ઓછી લાયકાત ધરાવતા હોવા જોઇએ. |
| ૮. | અનુ. જાતિ માટે અનામત અંગેનું ધોરણ શું છે. | સાત ટકા |
| ૯. | અનુ. જનજાતિ માટે અનામતનું ધોરણ શું છે. | પંદર ટકા |
| ૧૦. | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે અનામત અંગેનું ધોરણ શું છે. | સત્તાવીસ ટકા |



Scanned by CamScanner

| | | |
|---|---|---|
| ૧૧. | શારિરીક ખોડ-ખાંપણ ધરાવતા વ્યક્તિઓ માટે અનામત અંગેનું ધોરણ શું છે. | ત્રણ ટકા |
| ૧૨ | સામાજિક અને શૈક્ષણિક વર્ગો માટે અનામત અંગેની જોગવાઇ ક્યારથી અને ક્યા ધોરણે કરવામાં આવી છે. | સામાજિક અને શૈક્ષણિક વર્ગો માટે સીધી ભરતીમાં<br>તા. ૧-૦૪-૧૯૭૮થી<br>➤ વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓમાં ૫ ટકા<br>➤ અને વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓમાં ૧૦ ટકા અનામતની જોગવાઇ હતી.<br>તા. ૧-૦૫-૧૯૯૪થી<br>➤ વર્ગ-૧, ૨, ૩ અને ૪ ની જગ્યાઓમાં આ ટકાવારી વધારીને ૨૭ ટકા કરવામાં આવી છે. |
| ૧૩ | રોસ્ટરનો અમલ કરવા દરેક નિમણુંક સતાધિકારીએ શું કાર્યવાહી કરવાની રહે. | સા.વ.વિ.ના તા ૨૨/૪/૧૯૮૩ના ઠરાવ મુજબ દરેક ભરતી/બઢતી વખતે ઉપલબ્ધ જગ્યા સામે રોસ્ટર પ્રમાણ જાળવી રાખવા સંવર્ગવાર અને ભરતીના સ્ત્રોત મુજબ અલગ ૧૦૦ ક્રમાંક સુધીનું અનામત વર્ગોની જગ્યા નિશ્ચિત કરતાં રોસ્ટર રજીસ્ટરો નિભાવવાં. |
| ૧૪ | અનામત બેઠકોની ફાળવણી અંગેના શ્રી આર.કે.સબરવાલ વિરુધ્ધ પજાબ અને હરિયાણા સરકારના કેસ સુપ્રિમ કોર્ટ કેસ નં ૧૩૭૧ સને ૧૯૯૫ના ચૂકાદાની વિગતો શું છે. | અનામત બેઠકો અંગેના શ્રી આર.કે.સબરવાલ વિરુધ્ધ પજાબ અને હરિયાણા સરકારના કેસ સુપ્રિમ કોર્ટ કેસ નં ૧૩૭૧ સને ૧૯૯૫ના ચૂકાદાથી ભરતીના વિવિધ સ્ત્રોતો માટે અનામત બેઠકોનું પ્રમાણ જાળવી રાખવા માટે જે તે સંવર્ગ અને સબંધિત ભરતીના સ્ત્રોત મુજબ મંજુર થયેલ જગ્યાઓ ધ્યાને લેવી<br>➤ વર્ષોવર્ષ ખાલી પડતી જગ્યાઓને આધારે ફાળવણીની હાલની પધ્ધતીને બદલે સંવર્ગની જગ્યા આધારિત વિવિધ અનામતોની ફાળવણી કરવાની સુચના<br>➤ ભરતીના વિવિધ સ્ત્રોત માટે પ્રવર્તતા યાદી તૈયાર કરવા માટે પણ ધ્યાનમાં લેવા સુચના ઇસ્યુ કરેલ છે. |

KUMUDCHANDRA G. GOR



Scanned by CamScanner

| | | |
|---|---|---|
| ૧૫ | તા. ૮-૦૩-૧૯૯૯ના ઠરાવ અગાઉ સીધી ભરતી અને બઢતી વખતે ઉપલબ્ધ ખાલી જગ્યાઓના સંદર્ભમાં અનામત વર્ગોની જગ્યાઓ ભરવા શું પધ્ધતિ અમલમાં હતી. | ➢ અગાઉ સીધી ભરતી અને બઢતી વખતે ઉપલબ્ધ ખાલી જગ્યાઓના સંદર્ભમાં જે તે સંવર્ગની નિયત ટકાવારી મુજબ મળવાપાત્ર જગ્યાઓ આધારિત રોસ્ટર રજીસ્ટરો નિભાવવામાં આવતાં અને<br>➢ જેતે વર્ગની વધ કે ઘટ ત્યાર પછીની ભરતી કે બઢતી વખતે સરભર કરવા આગળ ખેંચવામાં આવતી હતી |
| ૧૬. | તા. ૮-૦૩-૧૯૯૯ના ઠરાવથી સીધી ભરતી અને બઢતી વખતે ઉપલબ્ધ ખાલી જગ્યાઓના સંદર્ભમાં અનામત વર્ગોની જગ્યાઓ ભરવા શું પધ્ધતિ અમલમાં મુકવામાં આવી. | તા. ૮-૦૩-૧૯૯૯ના ઠરાવથી દરેક સંવર્ગ માટે મંજુર થયેલ કુલ જગ્યાઓ સામે ભરતીના તમામ સ્ત્રોત જેવા<br>➢ સીધી ભરતી,<br>➢ બઢતી<br>➢ ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા મારફતે બઢતી<br>વિગેરે માટે નિયત થયેલ પ્રમાણ (રેશિયો) મુજબ જે જગ્યાઓ મુકરર થાય તે મુજબ અલગ અલગ રજીસ્ટરો તૈયાર કરી રોસ્ટર ક્રમ મુજબ ભરતી કરવી. |
| ૧૭ | દરેક અનામત વર્ગ માટે જગ્યા નિશ્ચિત કરવા રોસ્ટર પોઇન્ટની ગણતરી કેવી રીતે કરવી. | જગ્યા નિશ્ચિત કરવા રોસ્ટર પોઇન્ટની ગણતરી માટે જે તે વર્ગની અનામત માટે નક્કી થયેલ ટકાવારીના આંકડાને રોસ્ટર રજીસ્ટરના ક્રમ સાથે ગુંણતાં જે ક્રમાંક ઉપર પૂર્ણાંક કે તેની નજીકમાં આવતા ક્રમે જે તે વર્ગ માટે અનામતની જગ્યા નિશ્ચિત થશે. |
| ૧૮ | સીધી ભરતીમાં અનામત વર્ગના ઉમેદવાર ગુણવત્તાના ધોરણે પસંદ પામે તો તેમને ક્યા વર્ગમાં ગણવા | સીધી ભરતીમાં અનામત વર્ગના ઉમેદવાર ગુણવત્તાના ધોરણે પસંદ પામે તો તેમને બિનઅનામત વર્ગમાં ગણવાના રહેશે. |
| ૧૯ | જગ્યા આધારિત રોસ્ટર રજીસ્ટરો ક્યા આંક સુધી બનાવવાના થશે. | ભરતીના તમામ સ્ત્રોતોને રેશિયો મુજબ ફાળે આવતી જગ્યાઓ મુકરર થાય ત્યાં સુધીના આંક માટે. |
| ૨૦ | ખાલી જગ્યાઓ ભરવા માટેની કઇ પધ્ધતિને અનામત લાગુ પડે છે. | (૧) સીધી ભરતી<br>(૨) બઢતી<br>(૩) ખાસ સ્પર્ધાત્મક પરિક્ષા દ્વારા બઢતી |

KUMUDCHANDRA G. GOR



Scanned by CamScanner

| | | |
|---|---|---|
| ૨૧ | ખાલી જગ્યાઓ ભરવા માટેની કઇ પધ્ધતિને અનામત લાગુ ના પડે. | જે જગ્યાઓ બદલી અથવા પ્રતિનિયુક્તિથી ભરાતી હોય તે જગ્યાઓને અનામત પધ્ધતિ લાગુ પડે નહિં. |
| ૨૨ | રોસ્ટરનો અમલ કરતી વખતે કોઇપણ પ્રસંગે અનામત વર્ગના ઉમેદવારોથી ભરવાની થતી જગ્યાઓની મર્યાદા શું છે. | સરકારી સેવાઓ અને જગ્યાઓમાં રોસ્ટરનો અમલ કરતી વખતે કોઇપણ પ્રસંગે અનામત વર્ગના ઉમેદવારોથી ભરવાની થતી જગ્યાઓ ૫૦ ટકાથી વધવી જોઇએ નહિં. |
| ૨૩ | ક્યારે રોસ્ટરનો અમલ કરતી વખતે અનામત વર્ગના ઉમેદવારોથી ભરવાની થતી જગ્યા માટે ટકાવારી (મર્યાદા) લાગુ પડશે નહિં. | સરકારી સેવાઓ અને જગ્યાઓમાં અનામત વર્ગના ઉમેદવારોના બેકલોગની બાકી ખેંચાતી જગ્યાઓ ભરતી વખતે ૫૦ ટકાની મર્યાદા લાગુ પડશે નહિં. |
| ૨૪ | અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓના ઉમેદવારની નિમણૂંક અંગે તે કક્ષાના ઉમેદવારો માટે જગ્યાઓનો બેકલોગ ઊભો થયો છે એવું ક્યારે ગણવામાં આવે. | નિયત ટકાવારી મુજબ પૂરતી સંખ્યામાં અનામત વર્ગના ઉમેદવારો ઉપલબ્ધ ના થતાં ખાલી રહેતી જગ્યાઓ માટે<br>(૧) સીધી ભરતીના કિસ્સામાં બે પ્રયત્નના અંતે અને<br>(૨) બઢતીના કિસ્સામાં ત્રણ પ્રયત્નના અંતે ખાલી રહેતી જગ્યાઓનો બેકલોગ ગણવામાં આવશે. |
| ૨૫ | પ્રવર્તતા નક્કી કરવા તથા પ્રવર્તતા યાદી પ્રસિધ્ધ કરવાની અને પુશ ડાઉન થિયરીના અમલ અંગે સા.વ.વિ. ના ઠરાવ ક્રમાંક એસ.એન.આર. ૧૦૨૦૦૮-૪૮૭૪૩૧/(૧)ગ.૫ તા. ૩૦-૪-૨૦૧૪ થી ઇસ્યુ કરેલ છેવટની પ્રવર્તમાન શું સુચનાઓમાં કયા મુખ્ય ફેરફાર છે. | (૧) વર્ષોવર્ષ “ખાલી પડતી જગ્યા” ઓને સ્ત્રોત અધારિત ફાળવવાની પધ્ધતિને બદલે જે તે સંવર્ગની કુલ જગ્યાઓ ભરતીના સ્ત્રોતને ફાળે આવતી “જગ્યા” આધારિત બેઠકો નક્કી કરી પ્રવર્તતા ગોઠવવી.<br>(૨) પુશ ડાઉન થિયરી અંગે શ્રી એન. કે ચૌહાણના કેસના ચૂકાદા મુજબ “કેલેન્ડર વર્ષને” બદલે “નાણાકિય વર્ષ” ગણતરી કરવાની સુચનામાં તા. ૩૦-૦૧-૨૦૧૪ના ઠરાવથી ફેરફાર કરી “કેલેન્ડર વર્ષ” મુજબ ગણતરી કરવા સુચના છે.<br>(૩) “ખાલી જગ્યા” આધારિત ઊભા થયેલ બેકલોગને ગણતરીમાં લીધા શિવાય જગ્યા આધારિત જે તે સ્ત્રોતથી ભરવાપાત્ર જગ્યાઓ સામે ખરેખર ભરાયેલ જગ્યાઓ ગોઠવી અને વધ કે ઘટ નક્કી કરવી. |

KUMUDCHANDRA G. GOR



Scanned by CamScanner